# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

(Established Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)
(Accredited with A+ Grade by NAAC)

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


જા.ક્ર.નં. : જી.ટી.યુ./સ્પોર્ટ્સ/૨૦૨૪-૨૫/ ૧૬૧૦ તારીખ:૨૫/૧૧/૨૦૨૪

## પરિપત્ર

પ્રતિ,

આચાર્યશ્રી/ડાયરેક્ટરશ્રી,

જી.ટી.યુ. સંલગ્ન તમામ સંસ્થાઓ.

**વિષય:** ક્રીડાજ્ઞાન પરીક્ષામાં ભાગ લેવા બાબત.

**સંદર્ભ:** ક્રીડાભારતી (ગુજરાત પ્રદેશ) તરફથી મળેલ પત્ર ૦૮/૧૧/૨૦૨૪.

ઉપરોક્ત વિષય પરત્વે જી.ટી.યુ. સંલગ્ન તમામ શૈક્ષણિક સંસ્થાઓમા જણાવવાનું કે ક્રીડા ભારતી "क्रीड़ा से निर्माण चरित्र का, चरित्र से निर्माण राष्ट्र का" ના મંત્રને લઈને સમાજની વચ્ચે ખેલના માધ્યમથી યુવા ખેલાડીઓમાં રાષ્ટ્રભાવના અને ચરિત્રનું નિર્માણ થાય તે માટે વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વાર્ષિક કાર્યક્રમોના ભાગ રુપે વિદ્યાર્થીઓમાં ખેલના પ્રતિ રસ અને રુચિ વધે તેમજ રમત ગમતના સામાન્ય જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે માટે પ્રત્યેક વર્ષે અખિલ ભારતીય સ્તરે ક્રીડાભારતી સંસ્થા દ્વારા "ક્રીડાજ્ઞાન પરીક્ષા" નું આયોજન કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે આ પરીક્ષા ૮ ડીસેમ્બર ૨૦૨૪ ના રોજ યોજવામાં આવનાર છે અને તેની રજીસ્ટ્રેશન કરવાની અંતિમ તારીખ ૩૦/૧૧/૨૦૨૪ છે. જી.ટી.યુ સંલગ્ન સંસ્થાઓના વિદ્યાર્થીઓ/કર્મચારીઓ જે પરીક્ષા આપવા માટે ઇચ્છુક હોય તેઓએ પોતાની કક્ષાએથી રજીસ્ટ્રેશન ફી ચૂકવીને રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

"ક્રીડાજ્ઞાન પરીક્ષા" દ્વારા રમત ગમત અંગે પાયાનું જ્ઞાન મળી રહે તેમજ વિદ્યાર્થીઓ માટે સારા નાગરીકો તૈયાર કરતી આ પ્રવૃતિમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ "ક્રીડાજ્ઞાન પરીક્ષા"માં ભાગ લે તેવા પ્રયાસો જી.ટી.યુ સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓએ કરવા માટે અત્રેની કચેરીએથી જણાવવામાં આવે છે.

રજીસ્ટ્રેશન લીંક: https://kreedabharatikgp.org/

વધુ વિગત માટે સંપર્ક: ડૉ.યોગેશ જાની - ૯૫૫૮૨૯૫૫૮૩

શ્રી અક્ષય યાદવ - ૯૮૨૫૦૩૬૯૩૬

કુલસચિવ ૧૪/૧૧/૨૫

પ્રતિ,

(૧) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ / ડાયરેક્ટશ્રીઓ તરફ.

(૨) પી.એ / પી.એસ. ટુ માનનીય કુલપતિશ્રી

(૩) પી.એ / પી.એસ. ટુ માનનીય કુલસચિવ

।। क्रीड़ावृत्त्या सदाचारो राष्ट्रदेवः कृती युवा।।
ક્રીડા ભારતી
ગુજરાત પ્રાંત
અધ્યક્ષશ્રી
વિવેકભાઈ પી. પટેલ
સંપર્ક : ૯૮૨૫૦ ૦૬૫૮૫
મંત્રીશ્રી
ડૉ. ચિરાગભાઈ પટેલ
સંપર્ક : ૯૪૨૯૩ ૮૪૨૦૦
કોપાધ્યક્ષશ્રી
દિનેશભાઈ આહિર
સંપર્ક : ૯૯૨૫૦ ૩૧૫૧૦

તારીખ: ૦૮/૧૧/૨૦૨૪

## વિષય : ક્રીડા જ્ઞાન પરીક્ષા 2024-રજીસ્ટ્રેશન.

પ્રતિ,
રજીસ્ટ્રાર શ્રી,
જી.ટી.યુ. ચાંદખેડા
અમદાવાદ

નમસ્કાર,

ક્રીડા ભારતીના વાર્ષિક કાર્યક્રમો અંતર્ગત દર વર્ષે દેશભરમાં ક્રીડા જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે જેનાથી આપ સર્વે કાર્યકર્તા બંધુ ભગિની વિદિત છો. આ વર્ષે અખિલ ભારતીય ક્રીડા જ્ઞાન પરીક્ષા આગામી 8 ડિસેમ્બર, 2024 ના રોજ યોજાવાની છે અને તેના રજીસ્ટ્રેશન તારીખ 14 ઓક્ટોબર, 2024 થી સાંજે ૬ વાગ્યા થી શરૂ થવાના છે.

ગયા વર્ષે યોજાયેલ ક્રીડા જ્ઞાન પરીક્ષામાં ગુજરાત પ્રાંતના બધા કાર્યકર્તાઓ એ ખુબ ઉત્સાહથી પોતાનું યોગદાન આપેલ અને જેના ફળ સ્વરૂપે રજીસ્ટ્રેશનમાં ગુજરાત પ્રાંત દેશમાં પ્રથમ સ્થાન ઉપર રહેલ, જે ગુજરાત પ્રાંતના બધાજ કાર્યકર્તાઓ માટે ઉત્સાહ વર્ધક અનુભવ હતો. આ વર્ષે યોજાનાર પરીક્ષા માટે ગુજરાત પ્રાંત દ્વારા 51000 રજીસ્ટ્રેશન નો લક્ષાંક નક્કી કરવામાં આવ્યો છે, મને ગુજરાત પ્રાંતના કાર્યકર્તાઓ ઉપર પૂર્ણ વિશ્વાસ સાથે શ્રધ્ધા છે કે નક્કી કરેલ લક્ષ્યાંક કરતા ગુજરાત પ્રાંત વધારે રજીસ્ટ્રેશન કરશે.

ક્રીડા જ્ઞાન પરીક્ષા 2024 ઉપર પ્રાંત સંયોજક તરીકે પ્રાંતના સહ મંત્રી ડો. યોગેશભાઈ જાની (95582 95583) ધ્યાન આપવાના છે.

ક્રીડા ભારતી ગુજરાત પ્રાંતના જીલ્લા મંત્રી, મહાનગર મંત્રી અને વિભાગ સંયોજકશ્રીઓ પોતાના જીલ્લા અને મહાનગર ની રજીસ્ટ્રેશન યોજના બનાવી ગુજરાત પ્રાંતે નક્કી કરેલ લક્ષ્યાંક પૂર્ણ કરવા સહયોગ કરશો તેવી અપેક્ષા છે.

ભવદીય,

ડો ચિરાગભાઈ પટેલ
મંત્રી, ક્રીડા ભારતી ગુજરાત પ્રાંત

વિવેકભાઈ પટેલ
અધ્યક્ષ, ક્રીડા ભારતી ગુજરાત પ્રાંત

રજી. કાર્યાલય : ૨૦૩/૨૦૪, શિવાજીનગર, પૂણે, મહારાષ્ટ્ર. પીન-૪૧૧૦૦૫
ગુજરાત પ્રાંત કાર્યાલય : ડૉ.હેડગેવાર ભવન, કાંકરીયા, અમદાવાદ. પીન-૩૮૦૦૨૨
રજી.નંબર ક્રમાંક : (૧) મહારાષ્ટ્ર/૬૯૯૭/૯૨/પૂણે
Email : kreedabhartigujarat@gmail.com

# ऑनलाइन क्रीड़ा ज्ञान परीक्षा

क्रीड़ा-भारती

चैतन्य काश्यप फाउण्डेशन

**8 दिसंबर 2024**

**प्रातः 5 बजे से शाम 5 बजे तक**

आपकी सुविधा अनुसार 25 मिनिट

क्रीड़ा ज्ञान परीक्षा के लिए आयु सीमा न्यूनतम 12 वर्ष

नोट : पुरस्कार 25 वर्ष की आयु तक के विजेताओं को ही दिए जाएँगे

**प्रथम पुरस्कार**
₹1 लाख (1 विजेता)

**द्वितीय पुरस्कार**
₹ 50 हजार (2 विजेता)

**तृतीय पुरस्कार**
₹25 हजार (6 विजेता)

**चतुर्थ पुरस्कार**
₹11 हजार (11 विजेता)
(क्षेत्र अनुसार)